# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી

જિલ્લા સેવા સદન–૨,એનેક્ષી બિલ્ડીંગ, એસ.૪,૫,૬,ભાવનગર
ફોન નં.(૦૨૭૮) ૨૪૨૬૬૨૯, મો. ૯૯૦૯૯૭૦૨૧૨
Email : bhavdeo@gmail.com, Blog: http://deobhav.blogspot.com/


સત્યમેવ જયતે

150 YEARS OF CELEBRATING THE MAHATMA

ક્રમાંક: યોજના/દિન વિશેષ/૨૦૨૦/૬૮ તા.૧૦/૦૨/૨૦૨૦

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/RMSA/ગ્રાન્ટેડ/નોન-ગ્રાન્ટેડ
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ
જિ.ભાવનગર

વિષય : ફેબ્રુઆરી-૨૦૨૦ માસના દિન વિશેષની ઉજવણી કરવા બાબત.
સંદર્ભ : નાયબ શિક્ષણ નિયામકશ્રી, કમિશનરશ્રી શાળાઓની કચેરી ગાંધીનગરના પત્રાંક : ઘ/માધ્ય/પરચ/૨૦૨૦/૨૯૮૨ તા.૦૭/૦૨/૨૦૨૦

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે માન.મંત્રીશ્રીની સૂચનાનુસાર જાન્યુઆરી-૨૦૨૦ થી દિન વિશેષની ઉજવણી તમામ શાળાઓમાં થાય તેવું સુચારૂ આયોજન કરવાનું રહે. આ માટે શૈક્ષણિક કાર્યને બાધ્ય ન આવે તે રીતે પ્રાર્થના સભામાં દરેક વિદ્યાર્થીઓ દિન વિશેષ અને વ્યક્તિ વિશેષથી પરિચિત થાય, મહાનુભાવોના કાર્યથી પરિચિત થાય તેમજ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવે તે જરૂરી છે, આ માટે શાળામાં વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષક દ્વારા કે મહાનુભાવ દ્વારા પ્રાસંગિક પ્રવૃત્તિ કે વક્તવ્યનું પ્રાર્થનાસભામાં વધુમાં વધુ ૧૦ મીનીટ માટે આયોજન તથા અમલીકરણ કરવા અને દિન વિશેષની ઉજવણી કરવા દરેક શાળાઓને જણાવવામાં આવે છે. જાન્યુઆરી માસની દિન વિશેષની વિગત આ સાથે સામેલ છે.

દરેક શાળાઓએ દિન વિશેષની ઉજવણી કરી નીચે મુજબના ફોર્મેટમાં વિગતો ભરી સમયાંતરે અત્રેની કચેરીમાં રૂબરૂ અથવા E-mail Id : yojana.deobhav@gmail.com પર ફરજિયાત મોકલી આપવાની રહેશે.

| ક્રમ | દિન વિશેષનું નામ (તારીખ સાથે) | ભાગ લીધેલ વિદ્યાર્થીની સંખ્યા | ભાગ લીધેલ શિક્ષકોની સંખ્યા | આમંત્રીત મહાનુભાવોની સંખ્યા | કરાવેલ પ્રવૃત્તિની ટૂંકી વિગત (બે-ચાર વાક્યોમાં) | અન્ય વિગતો જો હોય તો |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા શિક્ષણાધિકારી
ભાવનગર

<u>નકલ રવાના જાણ તથા અમલવારી સારૂ :</u>
શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી-તમામ, સદર કચેરી

Scanned by CamScanner

# દિન-વિશેષ

<u>ફેબ્રુઆરી માસ</u>

| તારીખ | વાર | વિગત |
|---|---|---|
| 21 ફેબ્રુઆરી | શુક્રવાર | માતૃભાષા ગૌરવ દિન |
| 22 ફેબ્રુઆરી | શનિવાર | સ્કાઉટ અને ગાઈડ્સ દિન |
| 25 ફેબ્રુઆરી | મંગળવાર | રવિશંકર મહારાજ જન્મજયંતી [25/02/1884] |
| 28 ફેબ્રુઆરી | શુક્રવાર | રાષ્ટ્રીય વિજ્ઞાન દિન |

Scanned by CamScanner

## 21 ફેબ્રુઆરી – શુક્રવાર, માતૃભાષા ગૌરવ દિન

વિશ્વના માનવીના માનવી સાથેના વ્યવહાર માટે ભાષા મુખ્ય માધ્યમ છે. બાળકની સમજણ અને બાલ્યકાળથી તે સૌ પ્રથમ માતાની ભાષા અને વ્યવહારને જ સમજે છે. તેથી માતૃભાષાનું ગૌરવ વિશ્વસ્તરે પણ કરવામાં આવે છે. 1952ની 21મી ફેબ્રુઆરીના રોજ બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓ અને યુવાનોએ માતૃભાષા બાંગ્લાને રાજ્યની ભાષા તરીકે માન્ય કરવા દેખાવો કરેલ. તેના ઉપર જોહુકમી કરી અનેક શહીદ થયા તેના માનમાં આ દિવસ માતૃભાષા દિન તરીકે ઠરાવેલ છે.

ઘણી બધી ભાષાઓના અને બાહ્ય ભાષાઓની સામે માતૃભાષાનું શુદ્ધ સ્વરૂપે લુપ્ત થવાનું જોવા મળતા આ દિવસે માતૃભાષા સંવર્ધન માટેના ખાસ પ્રયાસ થાય તે માટે આ દિનની ઉજવણી વિશેષ રીતે કરવામાં આવે છે.

કેળવણીકારો પણ માતૃભાષાથી જ શિક્ષણ આપવા જણાવે છે. ગુજરાતીનો ઉદભવ જૂની ગુજરાતી ભાષા (આશરે ઈ.સ. ૧૧૦૦-૧૫૦૦) માંથી થયો છે. તે ગુજરાત રાજય અને દીવ, દમણ અને દાદરા-નગર હવેલી કેન્દ્રશાસિત પ્રદેશોની અધિકૃત ભાષા છે. ગુજરાતી ભાષા વિશ્વમાં ૨૬મા ક્રમની સૌથી વધુ બોલાતી ભાષા છે.

વિશ્વમાં રશિયા, ચીન અને જાપાનમાં માતૃભાષા સિવાયનું કોઈ બીજું માધ્યમ નથી. આપણે આપણી ભાષા સિવાયનું બીજું માધ્યમ અપનાવીએ છીએ ત્યારે આપણી સંસ્કૃતિ જોખમાય છે. અંગ્રેજી ભાષા શીખવી જરૂરી છે. પણ શિક્ષણનું માધ્યમ તો માતૃભાષા જ હોવું જોઈએ. અંગ્રેજી ભાષાના મોહને કારણે માતૃભાષાનું મહત્વ ઘટતું જાય છે. તેથી તેના સંવર્ધન માટે અને આપણી ભાષાના ગૌરવ માટે આપણે સૌ સાથે મળી પ્રયત્ન કરીએ.

### શાળાકક્ષાએ પ્રવૃત્તિઃ-

- માતૃભાષા ગૌરવ દિન નિબંધ સ્પર્ધાનું આયોજન કરવું.
- માતૃભાષાના પ્રચલિત ગીતોની સ્પર્ધા કરવી.
- માતૃભાષાના સાહિત્ય સ્વરૂપો અને સાહિત્યકારો વિશે પરિચય.
- શાળાકક્ષાએ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવું.
- માતૃભાષામાં અંતાક્ષરી યોજી શકાય. (ભજન, ગઝલ, લોકગીત, બાલગીત, કાવ્યો વગેરે...


**સંદર્ભઃ-** લેખક/સંપાદક પ્રકાશન

1) વિશિષ્ટ દિન મહિમા – ડૉ.. હિના મહેતા – બાલ વિનોદ પ્રકાશન

2) ગુજરાતી વિકિપિડિયા – https://gu.m.wikipedia.org/wiki/ગુજરાતી_ભાષા


Scanned by CamScanner

## 22 ફેબ્રુઆરી- શનિવાર - સ્કાઉટ અને ગાઈડ્સ દિન

વિશ્વ વ્યાપી સ્કાઉટ પ્રવૃત્તિની શરૂઆત એક અંગ્રેજી લેફટન્ટ જનરલ સર એસ.એસ.બાદેન પોવેલ (૧૮૫૭-૧૯૪૧) દ્વારા ૧૯૦૭માં કરવામાં આવી હતી. તેનો હેતુ યુવાનો / વિદ્યાર્થીઓમાં નાની ઉંમરથી જ શારીરિક, માનસિક, સાહસિક, સેવા અને દેશસેવાની ભાવનાનો વિકાસ કરવાનો છે. આ બધી પ્રવૃત્તિઓના સંચાલન અને માર્ગદર્શન માટે તેમણે આ વિષે પુસ્તક પણ લખેલ છે.

આ પ્રવૃત્તિ લગભગ ૧૧૫ જેટલાં દેશોમાં ચાલે છે અને તેની સંખ્યા એક કરોડ ત્રીસ લાખ જેટલી થાય છે. વર્લ્ડ સ્કાઉટ બ્યૂરોનું કાર્યમથક સ્વિટ્ઝરલેન્ડના જીનીવા શહેરમાં આવેલું છે.

વિદ્યાર્થીની/કન્યાઓ માટે આ જ હેતુ માટે બાદેન-પોવેલ અને તેની બહેન અગ્નેએ ૧૯૧૦ માં ગાઈડ્સની શરૂઆત કરી હતી અને આ પ્રવૃત્તિનો પણ ઘણો સારો વિકાસ થયો છે.

**શાળાકક્ષાએ પ્રવૃત્તિઃ-**

- જિલ્લાકક્ષાએ સ્કાઉટ ગાઈડ્સની પ્રવૃત્તિઓનો કાર્યભાર સંભાળતા રિસોર્સ પર્સન સાથે વાર્તાલાપ કરી પ્રવૃત્તિઓની જાણકારી મેળવવી.
- જિલ્લાકક્ષાએથી માહિતી લઈ શાળાને સ્કાઉટ ગાઈડ્સમાં જોડી શકાય.

**સંદર્ભઃ-**

| | લેખક/સંપાદક | પ્રકાશન |
|---|---|---|
| વિશિષ્ટ દિન મહિમા – | ડૉ. હિના મહેતા – | બાલ વિનોદ પ્રકાશન |

Scanned by CamScanner

## 25 ફેબ્રુઆરી- મંગળવાર- રવિશંકર મહારાજ જન્મજયંતી [25/02/1884]

રવિશંકર મહારાજનો જન્મ 25મી ફેબ્રુઆરી 1884 (વિક્રમ સંવત 1940ની મહાવદ ચૌદશના) રોજ તત્કાલીન ખેડા જિલ્લાના રઢુ ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ શિવરામ અને માતાનું નામ નાથી બા હતું. તેમના કુટુંબનું વતન મહેમદાવાદ નજીકના સરસવણી હતું.

તેઓએ આજીવન સમાજ સેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. સતત ચાલતા રહેલા, સાચા સંત, મુઠ્ઠી ઊંચેરો માનવી, કરોડપતિ ભિખારી, ગુજરાતના બીજા ગાંધી મૂક સેવક વગેરે ઉપનામોથી તેમને નવાજવામાં આવ્યાં છે.

નાની ઉંમરથી જ ગાંધીજીના પ્રભાવમાં આવી તેઓ દેશ અને સમાજની સેવામાં જોડાયા. વિનોબા ભાવેની ભૂદાન અને સર્વોદય યોજનાઓમાં પાયાનું કામ કર્યું અને એ ઉપરાંત પાટણવાડીયા બારૈયા કોમ (તળપદા કોળી) અને બહારવટિયાઓને સુધારવાનું કામ જાનના જોખમે કર્યું હતું.

૧૯૫૫ થી ૧૯૫૮ ના ત્રણ વર્ષ દરમ્યાન ૭૧ વર્ષની ઉંમરે ભૂદાન માટે ૬૦૦૦ કિલોમીટર ચાલ્યા હતા. આખી જિંદગી જમવામાં માત્ર એક જ ટંક ભોજન લેતા અને તે કારણે જ કરોડપતિ ભિખારી જેવું ઉપનામ તેમને મળ્યું.

**શાળાકક્ષાએ પ્રવૃત્તિઃ-**

- પ્રાર્થના સભામાં મહારાજના જીવન પ્રસંગો વિષે કહેવું.
- મહારાજે કરેલાં સેવાકાર્યોની યાદી બનાવવી.
- ગુજરાતના લોકસેવકોની માહિતી એકઠી કરવી.
- મહાપુરુષોનાં જીવન-કાર્યો વિષે માહિતી આપવી.
- શાળાના બ્લેક બોર્ડ પર મહારાજશ્રીનો સંદેશ લખવો.
- 'માણસાઈના દીવા' પુસ્તકનું વાંચન કરાવવું.

**સંદર્ભઃ-**


૧ ગુજરાતની વિકિપિડિયા – https://gu.m.wikipedia.org/wiki/રવિશંકર_વ્યાસ


Scanned by CamScanner

## 28 ફેબ્રુઆરી- શુક્રવાર - રાષ્ટ્રીય વિજ્ઞાન દિન

ભારતદેશમાં વિજ્ઞાન દ્વારા થતા લાભો પ્રતિ સમાજમાં જાગૃતિ લાવવા અને વૈજ્ઞાનિક વિચારસરણી જાગૃત કરવાના હેતુ માટે રાષ્ટ્રીય વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી પરિષદ (નેશનલ સાયન્સ અને ટેકનોલોજી કાઉન્સિલ) અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી મંત્રાલય (મિનિસ્ટ્રી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી) ભારત સરકારના ઉપક્રમે દર વર્ષે ૨૮ ફેબ્રુઆરીના દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે ભારતમાં ઉજવવામાં આવે છે. ૨૮ ફેબ્રુઆરીના દિવસે સર સી.વી.રામન દ્વારા પોતાની 'રામન ઈફેક્ટસ' શોધની જાહેરાત કરવામાં આવી હતી. આ શોધ માટે તેમને 1930માં નોબલ પારિતોષિક આપવામાં આવ્યું હતું. તેથી તે દિવસને રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવવામાં આવે છે.

ભારતમાં આવા મહામૂલા રત્ન સમાન વૈજ્ઞાનિક ચંદ્રશેખર વેંકટ રામનનો જન્મ ઈ.સ. ૧૮૮૮ના નવેમ્બર માસની સાતમી તારીખે તેમના મોસાળ તામિલનાડુ રાજયના તિરુવનાઈક્કવલ ગામે થયો હતો. તેમની માતાનું નામ પાર્વતી અમ્મલ અને પિતાનું નામ ચંદ્રશેખર ઐયર હતું. પિતા ભૌતિક વિજ્ઞાન સાથે સ્નાતક થયેલા હતા. આથી 'વિજ્ઞાન' ના જન્મજાત સંસ્કાર, તેમનામાં આવે એ સ્વાભાવિક ગણાય. રામન બાળપણથી એકવડિયા બાંધાના હતા. પરંતુ અભ્યાસમાં તેજસ્વી હતા.

**શાળાકક્ષાએ પ્રવૃત્તિઃ-**

- ભારતના વૈજ્ઞાનિકોની યાદી બનાવો.
- ભારતીય વૈજ્ઞાનિકોએ કરેલી શોધખોળની જાણકારી મેળવો.
- મહાન વૈજ્ઞાનિકોના જીવન કાર્ય વિષેનાં પુસ્તકો વાંચો.

**સંદર્ભઃ-**


| | લેખક/સંપાદક | પ્રકાશન |
|---|---|---|
| 1) વિશેષ દિન ઉજવણી – | અમૃત બાન્ટાઈવાળા – | દર્શિતા પ્રકાશન, મહેસાણા |


Scanned by CamScanner